# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-07-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-પશ્ચિમ બંગાળ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે પશ્ચિમ બંગાળના દુર્ગાપુર ખાતે 5,000 કરોડ રૂપિયાથી વધુની અનેક વિકાસ પરિયોજનાનું ખાતમુહૂર્ત, અને લોકાર્પણ કર્યું. સભાને સંબોધતા, પ્રધાનમંત્રીએ કહ્યું આ પરિયોજના રાજ્યની કનેક્ટિવિટીમાં નોંધપાત્ર વધારો કરશે, ગેસ આધારિત પરિવહનને વેગ આપશે અને ગેસ આધારિત અર્થતંત્રને ટેકો આપશે. તેમણે જણાવ્યુ કે પશ્ચિમ બંગાળ દેશના એવા રાજ્યોમાંનું એક છે જ્યાં વંદે ભારત ટ્રેનો નોંધપાત્ર સંખ્યામાં કાર્યરત છે. શ્રી મોદીએ કહ્યું કે દુર્ગાપુર માત્ર સ્ટીલ સિટી જ નહીં પરંતુ ભારતના કાર્યબળનું મુખ્ય કેન્દ્ર પણ છે અને દેશના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

-----------------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-પાટણ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, લોકોના કલ્યાણ માટે રાજ્ય સરકાર સતત ચિંતિત અને પ્રયત્નશીલ છે. પાટણના સાંતલપુર તાલુકામાં ગઈકાલે અંદાજે 110 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યા બાદ શ્રી પટેલે આ વાત કહી. દરમિયાન તેમણે અધિકારીઓ અને કૉન્ટ્રાક્ટર્સને તમામ કામ ગુણવત્તાસભર કરવા ટકોર પણ કરી.

આ પ્રસંગે શ્રી પટેલે વિવિધ યોજનાના 44 લાખ રૂપિયાના સહાયના ચેકનું વિતરણ તેમજ નવનિયુક્ત શિક્ષકોને નિમણૂકના હુકમો એનાયત કર્યા.

-----------------------------------------------------------------------------------------------

## પ્રસાર ભારતી-WAVES OTT:

પ્રસાર ભારતીના ડિજિટલ પ્લેટફોર્મ-વેવ્સ ઓટીટી દ્વારા ગઈકાલે નવી દિલ્હીના આકાશવાણી ભવન ખાતે તેની ફીચર ફિલ્મ, "ડેલા બેલા-બદલેગી કહાની"નો ભવ્ય પ્રીમિયર યોજાયો. આ પ્રસંગે પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત સેહગલે જણાવ્યું કે વેવ્સ ઓટીટી ભારતનું એકમાત્ર જાહેર સેવા સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ છે જે ડિજિટલ નવીનતા સાથે વારસાને આગળ વધારે છે. શ્રી સેહગલે ઉમેર્યું કે પ્રસાર ભારતીનું મિશન એક વિશ્વસનીય, પરિવારને પ્રથમ રાખતું પ્લેટફોર્મ બનાવવાનું છે જે ભારતની વિવિધતા અને સર્જનાત્મકતાની ઉજવણી કરે છે. મીડિયા સાથે વાત કરતા, શ્રી સેહગલે કહ્યું કે 'ડેલા બેલા' જેવી મૂળ ફિલ્મોની સાથે, આ પ્લેટફોર્મ દસ્તાવેજી, રેડિયો શો, પ્રાદેશિક સિનેમા, ડીડી આર્કાઇવ્સ, લાઇવ ટીવી અને ઓનલાઇન શોપિંગનો સમૃદ્ધ ખજાનો પીરસે છે.

આ પ્રસંગે ફિલ્મના ડિરેક્ટર, નીલેશ જૈને જણાવ્યું હતું કે આ વાર્તાને દેશના દરેક ખૂણા સુધી પહોંચાડવા માટે WAVES કરતાં વધુ સારું કોઈ OTT પ્લેટફોર્મ નથી.

---

## ભુજ-ઈન્ડીયન આર્મી:

ઈન્ડિયન આર્મી દ્વારા ગુજરાત અદાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ ખાતે ઓપરેશન સિંદૂરના મહત્વ અને સફળતાને ઉજાગર કરતા યૂથ આઉટરીચ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ સેશનમાં ભુજ મિલિટરી સ્ટેશનના કર્નલ વી.કે. સિંહ દ્વારા પ્રેઝન્ટેશનના માધ્યમથી વિદ્યાર્થીઓને જાણકારી આપવામાં આવી હતી. કર્નલ વીકે સિંહેGAIMS ના મેડિકલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરીને ઓપરેશન સિંદૂર દરમિયાન નાગરિકો અને કચ્છના જિલ્લા વહીવટીતંત્રના સમર્થન અને સહકારને પ્રશંસનીય ગણાવ્યો હતો.

આ સત્ર દરમિયાન, વિદ્યાર્થીઓને દેશની અંદર અને સીમાપારથી રાષ્ટ્ર વિરોધી તત્વોના બદઇરાદાઓ સામે સાવચેત રહેવા અનુરોધ કરાયો હતો. આ સત્ર દરમિયાન આર્મી અને દેશના નાગરિકો વચ્ચે સંવાદનો સેતુ રચાયો હતો જે વાતની આર્મી અધિકારીઓએ ખુશી વ્યક્ત કરી હતી.

---

## રાજ્ય-હવામાન આગાહી:

હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આજેબનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગર જિલ્લાના છુટાછવાયા સ્થળો પર ભારે વરસાદની આગાહી છે. તો માછીમારોને 22 જુલાઈ સુધી દરિયો ન ખેડવા સૂચના છે.

---

## કચ્છ-હવામાન:

દરમ્યાન હવામાન વિભાગ દ્વારા કચ્છ જીલ્લામાં  આગામી બે દિવસ  છુટા છવાયા સ્થળે મધ્યમથી ભારે વરસાદની  આગાહી કરવામાં આવી છે.  આજે સવારે 6 વાગ્યા આસપાસ જીલ્લા મથક ભુજમાં ઝરમર વરસાદથી  રસ્તા ભીંજાયા હતા.

બીજી તરફ, રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા નિગમ યોજનામાં કુલ સંગ્રહ ક્ષમતાના 55 ટકા જેટલી ભરાઈ છે. જ્યારે રાજ્યમાં હાલ 26 બંધ 100 ટકા, 60 બંધ 70થી 100 ટકા અને 37 બંધ 50થી 70 ટકા ભરાયાના અહેવાલ છે. તો 42 બંધ ભારે ચેતવણી અને 21 બંધ ચેતવણી પર છે.

---

## કચ્છ-ભુજ-લખપત રસ્તા મરામત:

રાજ્ય સરકારની સુચનાના અનુસંધાને કચ્છ જીલ્લામાં વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તોની  મરામત કામગીરી  ચાલી રહી છે.  વાહન ચાલકોની સલામતીને ધ્યાને લઈને જીલ્લા મથક ભુજ થી  લખપતને જોડતા રસ્તા પર  વિવિધ જગ્યાએ ખાડાઓના પુરાણ,મેટલીંગ,ડામર,પેચવર્ક, ઝાડી કટીંગ અને  રોડ માર્કીંગ સહીતની કામગીરી  હાથ ધરવામાં આવી છે.

---

## રાજ્ય આરોગ્ય વિભાગ:

રાજ્યમાં આરોગ્ય વિભાગ દ્વારા વાહકજન્ય રોગ પર નિયંત્રણ માટે સવિશેષ ઝૂંબેશ હાથ ધરાઈ છે. ઝૂંબેશ હેઠળ જંતુનાશક દવા છંટકાવનો બીજો તબક્કો આગામી પહેલી ઑગસ્ટથી શરૂ થશે. અગાઉ 16 મેથી 11 જુલાઈ સુધી પ્રથમ તબક્કો યોજાયો. દરમિયાન મેલેરિયા માટે સંવેદનશીલ 21 જિલ્લાના 196 ગામમાં જંતુનાશક દવાનો છંટકાવ કરાયો.

આ વર્ષના ગત 28 સપ્તાહમાં 92 લાખ 86 હજારથી વધુ લોહીના નમૂના લેવાયા. તેમાંથી મલેરિયાના 860 કેસ નોંધાયા અને તેના કારણે 40 લોકોના મોત થયા. જ્યારે ડેન્ગ્યૂની તપાસ માટે લીધેલા 67 હજારથી વધુ સિરમમાંથી 728 કેસ નોંધાયા. તેમજ 130 કેસ ચિકિનગુનિયાના નોંધાયા છે. ચોમાસાની ઋતુમાં વાહકજન્ય રોગોના નિયંત્રણ-તપાસ માટે 492 વેક્ટર કન્ટ્રોલ ટીમ કાર્યરત છે.

---